# કામ ગુણવત્તાયુક્ત થાય તો જ જળસંચય અભિયાન સાર્થક બનશે

**જળસંચય અભિયાન માત્ર દેખાડો ન બની રહે તે જોવુ આવશ્યક બની રહેશે : જળસંચય અભિયાન જો સાર્થક બનશે તો સરકારને કરોડો લોકોના આશીર્વાદ મળશે**

ગાંધીનગર, તા. ૪

ગુજરાત સરકારે સમગ્ર રાજ્યમાં જળસંચયનું જે વ્યાપક અભિયાન શરૂ કર્યુ છે તેની ટીકા કરવાનો આશય નથી પરંતુ આ અભિયાન અન્ય સરકારી કાર્ય જેવુ ન બની રહે તે માટે કામ ગુણવત્તાયુક્ત થવુ ખુબ જરૂરી છે. માત્ર તસવીરો છપાવીને કે મોટી મોટી જાહેરાતો આપીને જળસંચય નહી થાય તે સરકારે સમજવુ

## સમયસર

જરૂરી છે અને માટે જ ગુણવત્તાયુક્ત કામનો આગ્રહ આમજનતા ઈચ્છી રહી છે.

ગુજરાતના સ્થાપના દિવસથી સમગ્ર રાજ્યમાં સુજલામ સુફલામ જળસંચય અભિયાનને વ્યાપકપણે શરૂ કરાયુ છે. વિવિધ જિલ્લાઓમાં આવેલી ૩૨ જેટલી નદીઓને પુનઃ જીવીત કરવી તથા ૧૩ હજાર જેટલા તળાવો ઊંડા કરવાનું લક્ષ્યાંક રખાયુ છે. સ્થાનિક જળસ્ત્રોતોને જીવંત બનાવવાનો આ ભગીરથ પ્રયાસ ખરેખર ખૂબ જ સરાહનીય છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને તેમની આ દીર્ઘદ્રષ્ટિ બદલ અભિનંદન આપીએ એટલા ઓછા છે. વિજયભાઈ પોતે સૌરાષ્ટ્રના વતની છે આથી તેઓ પાણીનુ મહત્વ ખૂબ સારી પેઠે જાણે છે. નર્મદા પર અવલંબિત થયા વિના સ્થાનિક જળસ્ત્રોતોને જીવંત બનાવવા અને તેનો ઉપયોગ કરવો હવે આજની જરૂરીયાત છે. સ્થાનિક જળસ્ત્રોતોને જીવંત બનાવવા માટે સરકારે જે કાર્ય ખુબ જ મોટા ઉપાડે હાથમાં લીધુ છે તેને સરકારી રંગ ચઢી ન જાય તે માટે સતર્ક રહેવુ પડશે. આ અભિયાન માત્ર દેખાડો ન બની રહે અને તેના પરિણામો ભવિષ્યમાં મળે તે રીતે તેનો અમલ થાય તે જરૂરી છે.

આ ભય તેના સ્થાને યોગ્ય છે કારણ કે સરકાર દર વખતે કોઈને કોઈ લોકકલ્યાણની યોજના વ્યાપકપણે હાથ ધરે છે પરંતુ પ્રારંભે સુરાની જેમ થોડાક દિવસ યોજના બરાબર ચાલે છે પરંતુ સમય પસાર થતાં સરકારી બાબુઓ સમગ્ર યોજનાને આડે પાટે લઈ જાય છે. નેતાઓ-આગેવાનો પણ માત્ર દેખાડા ખાતર જે તે યોજનાનો પ્રારંભ કરાવી થોડાક દિવસ મીડિયામાં સ્થાન પ્રાપ્ત કરી લે છે પરંતુ તે યોજના ખરેખર તેના ટાર્ગેટ સમય અનુસાર પૂર્ણ થઈ..? તેનુ કામ ગુણવત્તાયુક્ત થયું..? કે તેના લાભો આમ જનતા સુધી પહોંચતા થયા કે નહી... તેનું ધ્યાન કોઈ રાખતુ નથી. જે તે યોજના માટે કરોડોની ગ્રાન્ટ આવે છે પરંતુ આ ગ્રાન્ટની મોટી રકમ ભ્રષ્ટાચાર પાછળ જ વપરાઈ જાય છે. જેના કારણે સમગ્ર યોજનાનો હેતુ સરતો નથી.

જળસંચય અભિયાનને જો વ્યવસ્થિત રીતે ચલાવાય અને તેમાં જળસંચય ક્ષેત્રે કાર્ય કરતા દેશના નામાંકિત વ્યક્તિઓ, સંસ્થાઓને જોડવામાં આવે તો આ અભિયાનના સુફળ આપણને નજીકના ભવિષ્યમાં જ ચાખવા મળશે.



હીટવેવ - શહેરમાં ચોથા દિવસે પણ હીટવેવની અસર વર્તાય છે... હજુ આગામી ત્રણ દિવસ વધુ ગરમીની આગાહી હવામાન વિભાગ કરી રહ્યું છે ત્યારે સામાન્ય માનવીને ગરમીથી બચવા ક્યાં અને કેવો આશરો લેવો પડે છે એ તસવીર જ બતાવે છે...

# બે ધારાસભ્યો, બે ચેરમેનો જિલ્લા પ્રમુખ સાથે ડીડીઓને મળતાં રાજકારણ ગરમાયુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે કોંગ્રેસના બે વરિષ્ઠ ધારાસભ્યો, બે ચેરમેન અને જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ એકાએક જિલ્લા વિકાસ અધિકારીની મુલાકાત લેતાં પંચાયતના ડહોળાયેલા રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો હતો.

જિલ્લાના બે વરિષ્ઠ ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર ઉપરાંત કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એલ.એન. પરમાર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી બપોરે ૪ વાગે જિલ્લા વિકાસ અધિકારીને મળવા માટે તેમની ચેમ્બરમાં ગયા હતા.

એક સાથે કોઈપણ પૂર્વ નિર્ધારિત એજન્ડા વિના એક સાથે કોંગ્રેસના આગેવાનો જિલ્લા વિકાસ અધિકારી કોયાને મળતાં પંચાયતના રાજાકરણમાં ગરમાવો આવ્યો છે.

તેમની આ મુલાકાત વેળાએ ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ તેમજ કલોલ કોંગ્રેસના અગ્રણી ગણપતસિંહ પંચાયત સંકુલમાં હાજર હતા પરંતુ તેઓ આ મુલાકાતમાં જોડાયા ન હતા.

મુલાકાત બાદ બન્ને ધારાસભ્યોએ આ સૌજન્ય મુલાકાત હોવાનું જણાવ્યુ હતુ. જો

● અનુસંધાન પાન-૭ પર

# સે-૬ થી ૮ ના આંતરિક માર્ગોની સુધારણા પાછળ ૪.૫ કરોડ ખર્ચાશે

**આગામી ચોમાસા બાદ બાકી રહેતા સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૪

શહેરના નવા સેકટરોમા આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે પાંચ વર્ષના અંતે સેકટરોમાં માર્ગાને ચકાચક બનાવી દેવાયા છે. સે-૧ થી ૫ માં માર્ગોના નવિનીકરણ બાદ હજુ સે-૬ થી ૮માં માર્ગોનુ કામ બાકી છે. આ કામગીરી માટે તંત્ર દ્વારા ટુંકમાં જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. સે -૫ થી ૮ માં સેકટરોના રીંગરોડની સુધારણા માટે અંદાજિત રૂ ૪. ૫૦ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જયારે ચોમાસા બાદ આ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે.

શહેરમાં માર્ગ સુધારણાના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયા છે. સેકટરોમાં પાંચ વર્ષના લાંબા સમયગાળાના અંતે માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે સે-૧થી ૫ ના આંતરિક માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. સેકટરોના રીંગ રોડ સહીત સોસાયટીના આંતરિક માર્ગોનુ પણ

# 'પાણીનો વેડફાટ કરવો એ પ્રકૃતિના અપરાધ સમાન'

**ગાંધીનગરના ધર્માચાર્યોની શહેરીજનોને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરી બગાડ અટકાવવા અપીલ**

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યવ્યાપી જળસંચય અભિયાન છેડવામાં આવ્યું છે જે અંતર્ગત રાજ્યમાં જળાશયોને ઊંડા કરવા સાથે જનતાને પાણીનો બગાડ અટકાવી પાણીની બચત કરવા જાગૃત કરવા પ્રયાસ કરવામાં આવશે. ઉનાળાના પ્રારંભે જ રાજ્યમાં જળસંકટની પરિસ્થિતિ સર્જાય તેવી સ્થિતિ જણાતા સમગ્ર તંત્ર સફાળુ જાગ્યું છે અને સઘન પ્રયાસો હાથ ધર્યા છે. સંભવિત જળસંકટની આ સ્થિતિમાં સરકારી તંત્ર તો તેની રીતે કાર્યરત રહેશે પરંતુ આ સાથે રાજ્યના દરેક નાગરિકની રોજીંદા જીવનમાં પાણીના વેડફાટ પર અંકુશ મુકી શક્ય હોય તેટલો વપરાશ ઘટાડવાની નૈતિક ફરજ છે. ગાંધીનર રાજ્યમાં માથાદીઠ સૌથી વધુ પાણીનો વપરાશ કરતુ શહેર છે તેથી શહેરના નાગરિકોએ પાણીનું મહત્વ સમજી બને તેટલો વેડફાટ અટકાવવા જાગૃત થવાની તાતી જરૂરિયાત જણાય છે. શહેરના ધાર્મિક આગેવાનોએ પણ આ બાબતને અનુમોદન આપતા નગરજનોને જળ બચાવવા તથા તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા હાંકલ કરી છે.



"પંચમહાભૂતો માંહેનુ એક તત્વ એટલે પાણી, જેના સંસ્કૃતમાં ૨૭ નામો પૈકી બે નામ આ પણ છે 'અમૃતમ્' અને 'જીવનમ્'. આજે માનવી ચંદ્ર અને મંગળ પણ જીવનની શકયતા તપાસવા સૌ પ્રથમ પાણીની ખોજ કરી રહ્યો છે કારણ કે પાણી એ અમૃત છે, જીવન છે. આજે કારખાનાઓ, કસાઈખાના, બહુ ફીણ કરતા સાબુ, વોશીંગમશીન, ખાતાકીય કર્મચારીઓની બેદરકારી વગેરેના કારણે બહુ વેડફાય છે. આઝાદી સમયે એક સેવકે એક લોટો પાણી ઢોળી દેતા ગાંધીજીએ તેને 'તમે પ્રકૃતિનો અપરાધ કર્યો છે' કહી ઠપકો દીધો હતો. પાણીને વેડફનારને ઈશ્વર માફ નહી કરે."

**- પૂ. ફૂલશંકર શાસ્ત્રીજી**
**પંચદેવ મંદિર, સે.-૨૨**



"જીવનમાં સુખી થવા પાણી અને વાણી જરૂર પૂરતાં જ વાપરવા જોઈએ, જો આ બે વસ્તુનો દુર્વ્યય નહીં થાય તો ઘર, સમાજ કે રાષ્ટ્ર સુખી થશે. જો જળ બચશે તો જીવન બચશે, માટે જળસંપત્તિની બચત કરો. દરેક નાગરિકે પાણી બચાવવાનો સંકલ્પ કરવો જોઈએ."

**- પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી,**
**શ્રી સ્વામિનારાયણ મંદિર, સે.૨૩**



"જળ એ જીવન છે એ આપણે સૌ જાણીએ છીએ. પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો તે આપણા સૌની પહેલી ફરજ છે કેમ કે પાણી પર આપણા એકલાનો નહી પરંતુ સૌનો-સહિયારો અધિકાર છે. સૌને પાણી પુરતુ મળી રહે તે જોવું આપણી નૈતિક ફરજ છે. તેથી પાણીનો બગાડ કરવાનો કોઈને અધિકાર નથી. જો અબોલ પશુ-પંખી પણ જરૂર પુરતુ પાણી વાપરી તેનો વેડફાટ નહી કરવાની સમજ ધરાવતા હોય તો આપણે તો સમજદાર મનુષ્યો છીએ, દરેકને પાણી બચાવીને વાપરવા માટે મારી હાર્દિક અપીલ કરૂ છુ."

**- બી.કે. કૈલાશદીદી**
**બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સે. ૨૮**



"જીવસૃષ્ટિને ધબકતી રાખવા વિશ્વ સર્જન હારે આપેલ પંચમહાભૂતની ભેટમાં જળતત્વ એ પૃથ્વીથી નજીકથી જોડાયેલું તત્વ છે જે કોઈપણ જીવના અસ્તિત્વને ટકાવી રાખવા અનિવાર્ય પરિબળ છે. ઈશ્વરની આ મહામુલી ભેટનો યથાયોગ્ય વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં મનુષ્ય બુદ્ધિની સાર્થકતા છે. પૃથ્વી અને દેહમાં ૭૦ ટકા ભાગ પાણી છે, ભગવાન શ્રીકૃષ્ણએ ભગવદ્ગીતામાં પ્રાકૃતિક તત્વોનું સંરક્ષણ અને સંવર્ધન કરવું તે મનુષ્ય જીવનનું પવિત્ર કર્તવ્ય ગણાવ્યું છે. આજના સમયની વિકટ અને વરવી જળસંકટની સમસ્યાનુ નિવારણ પણ મનુષ્યએ જ કરવું પડશે. આ માટે દરેક વ્યક્તિએ રસપૂર્વક સજાગતા કેળવી જળ બચાવવા પોતાનું વ્યક્તિગત યોગદાન આપવું પડશે."

**- પૂ. ગુરૂમા - સમાનંદ સરસ્વતીજી**
**સમદર્શન આશ્રમ, સે. ૧**

# હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૬૫૦૦થી વધુ સ્થાનોએ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા

**૧૮૪૧ તાવના દર્દી મળ્યા : ૧ કેસ મેલેરિયા પોઝીટીવનો નમુના ચકાસણીમાં મળ્યો**



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે બીજા તબક્કામાં શરૂ કરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે ૧૧૩૦ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલા આ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં તંત્રની ટીમો દ્વારા ૬૫૦૦ થી વધુ સ્થીનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે. આ બધાજ સ્થાનો પર પોરાનાશક કામગીરી કરી અને તેનો નાશ કરવામાં આવ્યો છે.

આજે જિલ્લાના અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલે દહેગામના દેવકરણના મુવાડા ખાતે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી નિહાળી ચાલી રહેલી કામગીરીની સમીક્ષા પણ કરી હતી.

જિલ્લાની ટીમોએ આજે તાવના વધુના ૩૭૧ કેસ શોધી કાઢ્યા છે. આ તમામ દર્દીઓના લોહીના નમૂના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

આ સર્વેલન્સના બીજા રાઉન્ડમાં અત્યાર સુધીમાં ૧૮૪૧ જેટલા તાવના દર્દીઓને શોધી કાઢવામાં તંત્રની ટીમોને સફળતા મળી છે. જિલ્લામાં આ સર્વેલન્સની કામગીરી ૮૦ ટકા સુધી પહોંચી ગઈ છે. હજુ એક દિવસ નિયત સમય મર્યાદામાં બાકી છે. તંત્રને વિશ્વાસ છે કે સર્વેલન્સની કામગીરી નિયત સમય મર્યાદામાં જ સંપન્ન થઈ જશે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તાવના મળી આવેલા આ દર્દીઓમાંથી અત્યાર સુધીમાં એક કેસ મેલેરિયા પોઝીટીવનો મળી આવેલ છે.

# ગાંધીનગર કલ્ચરલ ફોરમનો ૧૧મીથી ત્રિદિવસીય ગ્રીષ્મોત્સવ

**સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત વક્તૃત્વકળા શિબિર, વાંચન શિબિર, બાળ ચિત્ર સ્પર્ધા, વાનગી સ્પર્ધા અને પુસ્તક મેળાનું પણ આયોજન : મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે 'ગાંધીનગર ગૌરવ પુરસ્કાર' એનાયત કરાશે : પૂજય ગુરૂમા સમાનંદ સરસ્વતીજી આશીર્વાદ આપવા પધારશે**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરને સંસ્કૃતિ, સાહિત્ય અને કલાનું પણ પાટનગર બનાવવા પ્રતિબદ્ધ ગાંધીનગર કલ્ચરલ ફોરમ આગામી તા. ૧૧-૧૨-૧૩ મે, ૨૦૧૮ દરમિયાન ગ્રીષ્મોત્સવની ગરિમાપૂર્ણ ઉજવણી કરશે. આ વર્ષે ગ્રીષ્મોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે સાથે પ્રભાવક વક્તૃત્વ કળા શિબિર, વાંચન શિબિર, બાળકો માટે જળ વિષયક ચિત્ર સ્પર્ધા, બહેનો માટે વાનગી સ્પર્ધા અને ભવ્ય પુસ્તક મેળાનું આયોજન કરાયું છે. 'ગ્રીષ્મોત્સવ'ના શુભારંભે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહેશે. સમદર્શન આશ્રમના પૂજય ગુરૂમા સમાનંદ સરસ્વતીજી પણ આશીર્વાદ આપવા પધારશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ ગ્રીષ્મોત્સવની વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં ગ્રીષ્મની ગરમીમાં કલ્ચરલ ફોરમનો 'ગ્રીષ્મોત્સવ' નાગરિકોને અનેરી આહલાદકતા પ્રદાન કરે છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ સ્થાપનાનું ૨૪મું વર્ષ ઉજવી રહ્યું છે, ત્યારે 'ગ્રીષ્મોત્સવ'ની ઉજવણીમાં પણ નવા પરિમાણો ઉમેરવામાં આવ્યા છે.

ગ્રીષ્મોત્સવનો શુભારંભ તા.૧૧મી મે એ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે થશે. ગુજરાતના હાસ્ય કલાકાર અને શિક્ષણવિદ્ શ્રી સાંઈરામ દવેની રંગારંગ વાતો સાથે 'ગ્રીષ્મોત્સવ'નો આરંભ થશે. તા.૧૨મી મે એ ગુજરાતની જાણીતી સંગીત ત્રિપૂટી – શ્યામલ, સૌમિલ, આરતી મુન્શી અને ગૃપે વિશેષ રૂપે તૈયાર કરેલો કાર્યક્રમ 'ટ્રાન્સફ્યૂઝન' પ્રસ્તુત થશે. જાણીતા ગીતોની આવી અજાણી રજૂઆત શ્રોતાઓને વિશેષ આનંદ આપશે.

'ગ્રીષ્મોત્સવ'નું મુખ્ય આકર્ષણ હિન્દી

● અનુસંધાન પાન-૭ પર

# ટાઉનહોલના રીનોવેશન માટે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પ્રેઝન્ટેશન રજુ કરાયુ

**વર્ષોના અંતે કંગાળ ભાસતા ટાઉનહોલના રીનોવેશનની યોજના વર્ષોના અંતે અધ્ધરતાલ : એ સી પ્લાન્ટના નવિનીકરણનુ પણ આયોજન**

ગાંધીનગર તા ૪

શહેરના સે-૧૭ માં સ્થિત ટાઉનહોલના રીનોવેશનના પ્રોજેકટને વર્ષોના અંતે પણ અંજામ આપી શકાયો નથી. ટાઉનહોલના રીનોવેશન માટે ડિઝાઇન પણ આખરી થઈ શકી નથી. એકતરફ હોલના એ સી પ્લાન્ટને પણ મરણપથારીએથી બેઠો કરવા માટે તંત્ર દ્વારા આયોજન કરવામાં આવી રહયુ છે. ત્યારે કલાપ્રેમીઓ માટે દુવિધારૂપ અને શિરદર્દ સમાન બનતા ટાઉનહોલ બુકીંગ બાદ ભાડુ પણ માથે પડે તેવી સ્થિતિ છે. ત્યારે ટાઉનહોલના નવિનીકરણના પ્રોજેકટ માટે બજેટમાં અગાઉ અંદાજિત રૂ ૮.૫ કરોડનો ખર્ચ પણ મંજુર કરવામાં આવ્યો છે. ટાઉનહોલના રીનોવેશનને હાથ ધરવા માટે થોડા દિવસો અગાઉ રીપોર્ટ તૈયાર કરી ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પ્રેઝન્ટેશન પણ રજુ કરાયુ હતુ.

ગાંધીનગરનો ટાઉનહોલ છેલ્લા પાંચ વર્ષથી કંગાળ હાલતમાં જોવા મળી રહયો છે. જેમા સ્ટેજ સુવિધાઓ ઉપરાંત ટાઉનહોલનો એ સી પ્લાન્ટ અને ઈલેક્ટ્રીફીકેશનની સુવિધાઓ પણ ખાડે ગઈ છે. ત્યારે ટાઉનહોલ બુક કરાવી કાર્યક્રમોનુ આયોજન કરતી નગરની વિવિધ સંસ્થાઓ માટે મુંઝવણ ઉભી થઈ છે. ટાઉનહોલની બેઠક વ્યવસ્થા પણ આરામદાયક ન હોવાથી સિનિયર સિટીઝન્સ માટે નવી સમસ્યા ઉભી થઈ છે. ટાઉનહોલમાં લાઈટ અને સાઉન્ડ સિસ્ટમ પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. આવા સંજોગોમાં ટાઉનહોલનો રીનોવેશનનો પ્રોજેકટ પણ હજુ સુધી હાથ ધરવામાં આવ્યો નથી. ટાઉનહોલના રીનોવેશન માટે બજેટમાં અગાઉ રૂ ૮.૫ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. જયારે આ મામલે હજુ ટાઉનહોલમાં રીનોવેશન હાથ ધરવા માટે લાંબા સમયથી કાગળ પર પણ આખરી આયોજન થઈ શક્યુ નથી. જયારે હોલના એ સી પ્રોજેકટનો યોગ્ય કરવા માટે અલબત્ત નવિનીકરણ કરવા માટે પણ કાર્યયોજના તૈયાર કરવામા આવી છે. જયારે સિવિલ કામગીરી સહીત હોલના રીનોવેશનને ધ્યાને લઈને પણ જવાબદાર એજન્સીને સર્વે તેમજ અભ્યાસના અંતે પ્રાથમિક તબક્કે યોજના તૈયાર કરી છે. આ સંદર્ભે થોડા દિવસો અગાઉ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ આ અંગેનુ પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યુ હતુ. આગામી એકાદ મહીનામાં ટાઉનહોલના રીનોવેશનનુ કામ શરૂ કરાય તેવી સંભાવના છે.

## બેસણું



અમારા પૂજ્ય માસી
**ઠાકર કપીલાબેન ભગવતપ્રસાદ**
(કોલવડાવાળા) તા.૪-૫-૨૦૧૮ને શુક્રવારના રોજ દેવલોક પામેલ છે.
**સદ્ગતનું બેસણું તા.૬-૫-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.
**સ્થળ :- ૫૧૧/૨, કોલવડા નગર સોસાયટી, સેક્ટર-૨૮, ગાંધીનગર, મો.૯૯૭૯૪ ૩૧૩૬૯**

શાસ્ત્રી પ્રેમિલાબેન ઈન્દ્રવદન (નણંદ)

ભટ્ટ મયંક એન.
ભટ્ટ નયના એમ.
ભટ્ટ પાર્થ એમ.

નોંધઃ- પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
રાવલ ભોગીલાલ રવિશંકર (મહેસાણાવાળા) દં.ઔ.સ.છો.બ્રહ્મસમાજ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com